# ECHO OF HIS CALL

## સાદનો પ્રતિસાદ

GUJARATI

ECHO OF HIS CALL 1969-2019 GOLDEN JUBILEE

REACHING NATIONS

India's National Spiritual Newspaper

₹ 10/-

Published monthly in ENGLISH, TAMIL, MALAYALAM, TELUGU, HINDI, KANNADA, MARATHI, BENGALI, GUJARATI, ODIYA, ASSAMESE, PUNJABI, NEPALI, URDU, SINHALA & AFRIKAN

Editor : S. SAM SELVA RAJ | 16 Languages | Associate Editor : Bro. PANKAJ C. WADIA

VOL: XXV | DECEMBER 2023 | NO: 10


**પવિત્ર બાઈબલ**

**કૃપા કરી આ ભાગ મોઢે કરો પ્રભુની સ્તુતિ થાઓ!!**

**યશાયા ૯:૧-૬**

૧. પરંતુ જે ભૂમિ પર સંકટ પડ્યું હતું, તેમાં અંધારું રહેશે નહિ. પ્રથમ તેણે ઝબુલોન તથા નફતાલીના દેશને તિરસ્કાર પાત્ર કરી નાખ્યો હતો, પણ છેવટે તેને, એટલે સમુદ્ર તરફના રસ્તા પર યર્દનને પેલે પાર જે વિદેશીઓનો પ્રાંત છે તેને, તેણે પ્રતિષ્ઠિત કર્યો છે.

૨. અંધકારમાં ચાલનારા લોકે મહાન પ્રકાશ જોયો છે; મરણછાયાના દેશમાં વસનારા પર અજવાળું પ્રકાશ્યું છે.

૩. તેં પ્રજાની વૃધ્ધિ કરી છે, તેં તેમનો આનંદ વધાર્યો છે. કાપણીમાં થતા આનંદ પ્રમાણે, તેમજ લોક લૂંટ વહેંચતાં હરખાય છે તે પ્રમાણે તેઓ તારી સમુંખ આનંદ કરે છે.

૪. કેમ કે મિદ્યાનને દિવસે થયું તે પ્રમાણે તેના ભારની ઝૂંસરીને, તેની ખાંધ પરની કાઠીને ને તેના પર જુલમ કરનારની લાકડીને તેં ભાગી નાખી છે.

૫. સૈનિકોના ધબકારા કરતા જોડા, ને રક્તમાં બોળેલાં વસ્ત્ર, તે સર્વ બળતણની પેઠે અગ્નિમાં બાળી નાખવામાં આવશે.

૬. કેમ કે આપણે સારું છોકરો અવતર્યો છે, આપણને પુત્ર આપવામાં આવ્યો છે; તેની ખાંધ પર રાજ્યાધિકાર રહેશે; અને તેને અદ્ભુત મંત્રી, પરાક્રમી દેવ, સનાતન પિતા, ને શાંતિનો સરદાર, એ નામ આપવામાં આવશે.

# રાજકુમારની ભેટ!

## THE GIFT OF THE PRINCE!



**રેવ. એન્જલાઈન સેલ્વાકુમારી**

જ્યારથી હું બાળક હતી ત્યારથી, નાતાલે મારા હૃદયમાં ખાસ જગા બનાવી રાખી છે. તે અવર્ણનીય આનંદ લાવે છે. જ્યારે હું જુવાન હતી, અમારી પાસે એટલા નાણાં ન હતા કે અમે નવા કપડાં કે ભેટો ખરીદી શકીએ કે રંગબેરંગી પેપરથી કે દીવાઓથી ઘરને શણગારી શકીએ. અમે એક નાના ઓરડાવાળા ઘરમાં રહેતાં હતા, જ્યાં ખોરાકની થોડી તંગી રહેતી હતી. પણ મારા માતાપિતા હમેશાં અમારા બાળપણને સુંદર અને અર્થપૂર્ણ બનાવવાના રસ્તાઓ શોધી કાઢતા હતા. હું અને મારો ભાઈ તેમના પ્રયત્નોને માટે હમેશા તેમના આભારી છીએ. તે એક અદ્ભુત સમય હતો! દાદાદાદીઓના મુલાકાતો, પિત્રાઈઓને મળવું, આંખોમાં ઉંઘ સાથે સવારે દેવળમાં જવું, આતુરતાથી આખા પરિવાર સાથે બપોરના ભોજનને આરોગવાની રાહ જોવી, રમતો રમવી અને પ્રસંગોપાત ભાઈબહેનો સાથેની તકરારો - આ બધી બાબતો તે દિવસોને ખરેખર સુંદર બનાવી દેતા હતા.

અત્યારે પણ, દર વર્ષે, સુંગધિત મીણબત્તીઓ, બિસ્કીટોની સોડમ, ઝબકારા મારતી સુશોભિત લાઈટો, અને ઠંડી લાગતો પવન, હૃદયસ્પર્શી કેરલ્સ; આ સઘળી બાબતો, તે યાદોને તાજી કરે છે.

જો કે, કેટલાક માટે, નાતાલ જુદો અનુભવ હોઈ શકે છે. તે કદાચ તણાવભર્યો સમય

(અનુસંધાન પાન 3 પર)




**ઈકો ઓફ હીઝ કોલ**

**ખ્રિસ્તી યૂટ્યૂબ ચેનલ !**

**પાળક એસ. સામ સેલ્વરાજ સાથે**

**પ્રાર્થના કરવાની એક તક!**

**પાંચ મિનિટોમાં સંદેશો, પ્રાર્થના!!**

**અંગ્રેજી, હિન્દી, તામિલ અને તેલગુ**


દરરોજ - સવારે ૨.૦૦ વાગે થી

**તમિલ રવિવારની ભજનસેવા - સવારે ૮.૩૦ વાગે**

# ECHO OF HIS CALL - (1969-2019 GOLDEN JUBILEE YEAR)

REACHING NATIONS

## *from your dearly beloved brother...*





## આપણી મિશન નીતિ

આપણે સમકાલીન પેઢીને પ્રાચીન અને પ્રારંભિક પ્રેરિતોનું ઉચ્ચગુણવત્તાવાળું શિક્ષણ સમજાવવું જોઇએ અને શીખવવું જોઇએ. આ સમયની જરૂરિયાત છે.


HON. EDITOR-IN-CHIEF

Rev. Angeline S. Kumari, M.A., M.Sc., M.Ed.

MANAGING EDITOR

Pastor Alex Samson Sam, B.Th., M.Div.

GENERAL MANAGER

Bro. N. Prakasam, M.A., M.Sc.(C&P), PGDHRM., MBA.

ADMINISTRATION

Sis. Jesy Veena Sam
Adv. K. Puratchivendan, M.Com., C.A., B.L.
Dr. P.E.R. Premchand, M.Sc., M.A., M.Ed., Ph.D.
Dr. C.G.S. Baburao, B.Tech., M.Tech. (DM), Ph.D.
Dr. Rabinder Boaz, M.S. (CMC)

EDITORIAL BOARD

Dr. Serena Bevin, M.A., M.Phil., B.Ed.
Sis. Sajini Cherian
Sis. L. Mariya Anjalin, M.A., M.Sc., B.Ed.
Rev. Dr. K.R. Rajasekaran



EDITOR, PUBLISHER & PRINTER

Pastor S. SAM SELVA RAJ
Echo of His Call Printers
10, Mohammed Abdullah 2nd Street,
Chepauk, Chennai- 600 005, India.



Phone : (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766
Cell : (+91) 98410 71852, 98412 71858 95661 31858

E.MAIL

sam@echoofhiscall.org
biblecor@yahoo.co.in

WEBSITES

www.echoofhiscall.org
www.stpaulsmatriculation.com

YOUTUBE CHANNEL

Echo of His Call


**મારા આત્માએ તારો કેડો પકડ્યો છે;**
**તારો જમણો હાથ મને ઊંચકી રાખે છે.**
— ગીતશાસ્ત્ર ૬૩:૮

પ્રભુઓ વહાલા પ્રિય ભાઈઓ તથા બહેનો,

અમે આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના અનુપમ નામમાં તમને સલામ પાઠવીએ છીએ. અમે તમને નાતાલની સલામ અને આશીર્વાદિત નવા વરસની શુભેચ્છા પાઠવીએ છીએ.

### ઈકો ઓફ હીજ કોલ સામયિકો અને યૂટ્યૂબ મિનિસ્ટ્રીજ

અમારા **ઈકો ઓફ હીજ કોલ** સામયિકના વાચકો તરફથી અને અમારી યૂટ્યૂબને જોનારાઓ તરફથી અમને સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યા છે, તે માટે અમે આપણા પ્રભુ ઈશ્વરનો આભાર માનીએ છીએ. જે **પાંચ મિનિટના સંદેશાઓ** અમારી યૂટ્યુબ ચેનલ પરથી દરરોજ સવારે ૨ વાગેથી અંગ્રેજીમાં, હિન્દીમાં, તામિલમાં અને તેલગુમાં પ્રસારિત થાય છે, તેને જોવા માટે અમે તમને પ્રોત્સાહિત કરીએ છીએ. આ હેતુ માટે જ સમર્પિત અમારા ફોન નં. +૯૧-૯૮૪૧૦૭૧૮૫૮ને કૃપા કરીને તમારા મોબાઈલમાં સેવ કરી રાખશો. અમે તમને અમારી **ઈકો ઓફ હીજ કોલ યૂટ્યુબ ચેનલને** સબસ્ક્રાઈબ કરવા માટે પણ વિનંતી કરીએ છીએ. વધુમાં, મારી સાથે સીધા સંપર્ક માટે અમારા બીજા મોબાઈલ નં. +૯૧-૯૮૪૧૨૭૧૮૫૮ને પણ તમારા મોબાઈલમાં સેવ કરી રાખશો. આ સેવાઓ તદ્દન મફત છે,



*પ્રભુ ઈસુ ખ્રિસ્ત સાથે જુવાનો અને બાળકો*

### જુવાનો અને બાળકોની કાળજી માટેનું વૈશ્વિક દર્શન

અમે **જુવાનો અને બાળકો માટે વૈશ્વિક દર્શન** નામની એક ચળવળ શરૂ કરી છે, જે દુનિયાભરના જુવાન છોકરા છોકરીઓ અને બાળકોના કલ્યાણ માટે **એક મિનિટની પ્રાર્થના** કરે છે. દુનિયાભરમાંથી ઘણા મિત્રાએ તેમના નામો આ મિનિસ્ટ્રીમાં નોંધાવ્યા છે. **જેમણે તેમના નામ નોંધાવ્યા છે, તે દરેક જણ નીચે મુજબની પ્રાર્થના દર રાત્રીએ ૧૦ વાગે તેમના દેશના સમય પ્રમાણે કરે તે માટે તેમને પ્રોત્સાહિત કરવામાં આવે છે.**

**"હે પ્રિય ઈશ્વર પ્રભુ, અમે આપણા પ્રભુ અને તારનાર ઈસુ ખ્રિસ્તના નામમાં પ્રાર્થના કરીએ છીએ કે તમે દુનિયાભરના દરેક જુવાન છોકરા, છોકરી અને બાળકને યાદ રાખો. આમીન!"**

આ પ્રાર્થનાના પરિણામે, ઘણા જુવાનો અને બાળકો પ્રભુ ઈસુ ખ્રિસ્તના સાક્ષીઓ તરીકે ઉભરી આવ્યા છે. સર્વ માન મહિમા ફક્ત આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને હો. આમીન.

જો તમે તમારા બાળકોના નામો અમને આપી શકો, તો અમે તેમને અમારી પ્રાર્થનાઓમાં ઉમેરીશું. કૃપા કરીને આ હેતુ માટે કોઈપણ નાણાકિય યોગદાન મોકલવાનું ટાળશો.

અમારા ઘણા સર્મપિત સાથીઓ જેઓ અમારી મિનિસ્ટ્રીમાં આગળ પડતી સેવા આપી રહ્યા છે, તેઓ વિવિધ માંદગીઓ સાથે જકડાયેલા છે અને ઘણું નોંધપાત્ર નુકસાન વેઠી રહ્યા છે.

અમે અમારા ઈશ્વરના સેવકોના સાજાપણા માટે, રક્ષણ માટે, અને કૌટુંબિક પરિસ્થિતિઓ માટે **તમને નમ્રતાથી** પ્રાર્થના કરવાની વિનંતી કરીએ છીએ.

આ વર્ષ માટેની અમારી નવા વર્ષની ભજનસેવા ડિસેમ્બર ૩૧મી રાત્રે ૧૦ વાગેથી અમારી યૂટ્યુબ ચેનલ પર પ્રસારિત કરવામાં આવશે. તમને તમારી સગવડતાએ તે જોવા માટે આમંત્રણ આપવામાં આવે છે. તમે તમારી મંડળીના દેવળમાં હાજરી આપો તે માટે અમે તમને પ્રોત્સાહિત કરીએ છીએ. તમારી મંડળીની ભજનસેવામાં હાજરી આપવી ઘણી મહત્ત્વની બાબત છે.

નવીા વર્ષમાં ૨જી જાન્યુઆરી ૨૦૨૪થી ૭મી જાન્યુઆરી ૨૦૨૪ સુધી દરરોજ સવારે ૬ વાગે આશીર્વાદો માટેની ખાસ પ્રાર્થના સંગતો ભરાવવામાં આવશે.

અમે પત્ર દ્વારા અમારું **ઈકો ઓફ હીઝ કોલ** સામયિક મોકલીએ છીએ. તેમ છતાં, અમે જાણીએ છીએ કે દરેક જણ કદાચ તે મેળવતા ન હોય. તમને અમારી બાબતોની જાણ થતી રહે તે માટે કૃપા કરીને તમારો વોટસ્અપ નંબર અને ઈમેલ સરનામું અમારી સાથે વહેંચશો, વધુ સલામતી માટે.

ડિસેમ્બર મહિના માટે અમે વિવિધ મિનિસ્ટ્રીજનું આયોજન કર્યુ છે અને અમે તમારી પ્રાર્થનાઓ માટે આતૂરતાથી વિનંતી કરીએ છીએ, જેથી કોઈપણ અવરોધ વિના તે સફળતાપૂર્વક પાર પડે.

તમ સર્વને નાતાલની સલામ અને નવા આશીર્વાદિત વર્ષ માટેની શુભેચ્છાઓ!

**ઈસુ ખ્રિસ્તમાં તમારા સેવકો**

**પાળક એસ. સામ સેલ્વ રાજ અને એલેક્ષ સેમસન સામ**

(+91) 98412 71858 / 98410 71858,
E.mail : sam@echoofhiscall.org

***

(પાન ૧થી આગળ...)

હોય જે વહાલાઓની યાદ કરાવતો હોય, જેઓ હવે તેમની સાથે નથી. અન્યો કદાચ સ્વાસ્થ્ય બાબતો કે નાણાકીય અવરોધો સાથે લડી રહ્યા હોય. કેટલાક લોકને નાતાલની ધમાલ અને ખળબળાટ વધુ પડતી લાગી શકે છે, જે એકલતા, ઉદાસી કે હતાશાની લાગણીઓ તરફ દોરી જાય. એમ પણ કહેવાય છે કે આ મોસમ દરમિયાન આત્મહત્યાના આંકડાઓ ઘણા વધી જાય છે.

વધુમાં, ત્યાં એક વાદવિવાદ થાય છે કે શું નાતાલની ઉજવણી ૨૫મી ડિસેમ્બરે કરવી જોઈએ અને શું તે ઈસુના જન્મની ખરી તારીખ છે?

મારા માટે, એક કોઈ ચોક્કસ તારીખ મહત્ત્વની નથી કેમ કે હકીકત એ છે કે ઈસુ આ જગતમાં જન્મ્યા હતા અને તે હલાવી ન શકાય એવું સત્ય છે. ઈશ્વરપુત્ર માણસનો પુત્ર બન્યા અને તે જ ખરેખર મહત્ત્વનું છે.

તેથી, મને મળેલી સૌથી મોટી ભેટ વિશ્વને જાહેર કરવાની આ તકનો હું ઉપયોગ કરું છું. ઈસુ ખ્રિસ્તનો જન્મ મારા જીવનની પરિસ્થિતિઓને ધ્યાનમાં લીધા વિના – મને આ પ્રસંગને મારા કુટુંબ અને મિત્રો સાથે ઉજવવાનું ગમે છે. હું તે લોકોને પણ સામેલ કરવા માગું છું, જેઓને કોઈ કુટુંબ ન હોય કે જેઓ કદાચ મુશ્કેલ સમયોમાંથી પસાર થઈ રહ્યા હોય. આ સમય છે પ્રેમ, કાળજી બતાવવાનો અને મારી પાસે છે, તે અન્યોની સાથે વહેંચવાનો.

## ઈસુ ખ્રિસ્તનો જન્મ આપણને પાંચ મહત્ત્વની ભેટો આપે છે:

### ૧. પરિપૂર્ણ થનાર વચનની ખાતરીની ભેટ!

ઈસુ ખ્રિસ્તનો જન્મ આપણને યાદ અપાવે છે કે ઈશ્વર એ વચન પાળનાર ઈશ્વર છે. તેઓ જે કરે છે, તે તેઓ કરશે. તેઓ માણસ નથી કે જૂઠું બોલે કે પોતાનું મન બદલે. તેઓ કદાચ વિલંબ પણ કરે. કેટલીક વખત થોડી પેઢીઓ સુધી. પણ તેમની વચનની ખાતરી હમેશા દ્રઢ રહેલી છે. બાઈબલ કહે છે કે, **"આકાશ તથા પૃથ્વી જતાં રહેશે, પણ મારી વાતો જતી રહેશે નહિ."** (માથ્થી ૨૪:૩૫). જો કે, આપણે ઘણી વખત, થોડા અઠવાડિયા, મહીનાઓ કે વર્ષો પછી સરળતાથી છોડી દઈએ છીએ. એક બાબત આપણે યાદ રાખવાની જરૂર છે કે જ્યારે ઈશ્વર કંઈક કહે છે, તે તેઓ જરૂરથી કરશે. તે કદાચ આપણા જીવન દરમિયાન બની શકે કે કદાચ આપણા બાળકોના જીવન દરમિયાન પણ બની શકે છે. ઈશ્વરે યહૂદી લોકોને મસીહાની ખાતરી આપી હતી અને તેમણે એકને મોકલ્યા હતા!

બાઈબલ કહે છે કે જૂના કરારમાંની લગભગ ૪૪ વચનોની ખાતરીઓ **ઈસુ ખ્રિસ્તના જન્મની સાથે** પરિપૂર્ણ થઈ હતી. ઉદાહરણ તરીકે ઉત્પતિ ૩:૧૫માં



*કેમ કે આપણે સારુ છોકરો અવતર્યો છે*

ભવિષ્યવાણી કરવામાં આવી હતી કે સ્ત્રીથી મસીહાનો જન્મ થશે, જે માથ્થી ૧:૨૦માં પરિપૂર્ણ થઈ હતી. તેમનું જન્મ સ્થળ એ એક બીજી ભવિષ્યવાણી પરિપૂર્ણ થવાની ખાતરી હતી. (મીખાહ ૫:૨, માથ્થી ૨:૧). આ યાદી સાથે હું આગળને આગળ વધી શકું છું; કારણ કે ત્યાં ઘણી બધી વચનોની ખાતરીઓ છે જે પરિપૂર્ણ થઈ હતી પણ મહત્ત્વની બાબત જે સમજવાની છે તે એ છે કે ઈશ્વરના લોકોએ આ વચનોની ખાતરીઓ પરિપૂર્ણ થવા માટે વર્ષો સુધી રાહ જોવાની હતી.

વહાલા ઈશ્વરના બાળકો, જો ઈશ્વરે તમને કંઈક ખાતરી આપી છે, તો વિશ્વાસ સહિત પ્રાર્થના કરતા રહો. છોડી દેશો નહિ. તમે કદાચ વરસાદ કે પવન જોશો નહિ પણ તમારી ખાઈઓ પાણીથી ભરાઈ જશે. જ્યારે ઈસુ કહે છે કે હા, ત્યારે કોઈ ના નહિ કહી શકે! તેઓ વચનની ખાતરીને પાળનાર છે! તમારા વિશ્વાસ પર દ્રઢ રહો

ત્યારે પણ જ્યારે કંઈપણ પકડી રાખવાનું નહિ હોય. ઈશ્વરે જે કહ્યુ છે તે તેઓ કરશે જ.

નાતાલ એ સમયને યાદ કરવાનો છે કે જ્યારે આપણે હજી પણ જોતા નથી, ત્યારે પણ ઈશ્વર આપણા વતી હજુ કામ કરી રહ્યા છે.

તેમના સમયમાં સર્વ બાબતો સુંદર રીતે થશે. તેમના સમય માટે રાહ જુઓ! તેમનો સમય સંપૂર્ણ છે! ''સર્વ બાબતો શક્ય છે.'' એલિસાબેત, મરિયમ, શિમયોન અને હાન્નાની જેમ સમર્પિત થાઓ અને રાહ જુઓ. તેઓ સર્વએ રાહ જોઈ હતી અને ઈશ્વરના વચનને પરિપૂર્ણ થતા જોયું હતું.

## ૨. શાંતિની ભેટ!

બીજી મોટી ભેટ જે ઈશ્વર તરફથી આપવામાં આવી છે તે શાંતિની ભેટ છે. તેમનું નામ શાંતિના સરદાર, રાજકુમાર છે! શાંતિ આપણા જીવનોનું એક ઘણુ મહત્ત્વનું પાસું છે, તોપણ તેને ઓળખી શકાય નહિ કે તે પ્રાપ્ત કરી શકાય નહિ. શાંતિ વિના, કશાનો પણ અર્થ નથી. આપણી પાસે મોટું ઘર હોય, મોંઘી ગાડી હોય, મોટા પગારવાળી નોકરી હોય, ધનવાન પતિ હોય, હોશિંયાર બાળકો હોય અને તેમ છતાં આપણી પાસે શાંતિ ન હોય, તો આપણી પાસે જે સઘળું છે તેનો કોઈ અર્થ નથી.

એક વાર હું એક જુવાન માણસને મળી હતી, જેણે મને ચોંકાવી દીધી હતી. જ્યારે તેણે મને કહ્યું કે, ''હું નાના ઘરમાં રહીને ખુશ રહેવા કરતા રડતાં રડતાં મોટા ઘરમાં જીવીશ''. પ્રામાણિકપણે, મારું હૃદય તેને માટે ખેદિત થતું હતું! આ સમાજ છે જેમાં આપણે રહીએ છીએ; આપણે લોકોને પ્રભાવિત કરવા જીવીએ છીએ. આપણે ઈચ્છીએ છીએ કે અન્ય લોકો આપણને સફળ અને શક્તિશાળી તરીકે જુએ, જે આપણી બાહ્ય સંપત્તિ દ્વારા માપવામાં આવે છે. પણ આંતરિક સંપત્તિ વિશે શું - શાંતિ?

ઈસુએ કહ્યું, ''જે શાંતિ હું તમને આપું છું, તે દરેક પરિસ્થિતિઓ માટે પૂરતી છે, ભલે તમારી પાસે લાખો રૂપિયાનું બેન્ક બેલેન્સ હોય કે હજાર રૂપિયાનું, ભલે તમે કુટુંબવાળા હો કે એકલા હો, ભલે તમે તંદુરસ્ત હો કે તમારા નસીબ માટે ડોક્ટરો અને દવાઓ પર ખર્ચા કરતા હો, ભલે તમે પુરુષ છો કે સ્ત્રી. જુવાન કે ઘરડા, તેનાથી કોઈ ફરક પડતો નથી. ઈસુએ કહ્યું, **''ઓ વૈતરું કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ''.** (માથ્થી ૧૧:૨૮). ''**હું તમને શાંતિ આપીને જાઉં છું, જેમ જગત આપે છે તેમ હું તમને આપતો નથી.**'' (યોહાન ૧૪:૨૭). જે શાંતિ ઈશ્વર આપણને આપે છે, તે આપણી સમજશક્તિની બહાર છે, આપણી કલ્પનાની બહાર છે. તે એ શાંતિ હતી, જે દાનિયેલે ગર્જના કરતા સિંહોની મધ્યે અનુભવી હતી, તે એ શાંતિ હતી કે જે હિબ્રૂભાઈઓએ સળગતી અગ્નિની ભઠ્ઠી મધ્યે અનુભવી હતી.

જે શાંતિ ઈસુ આપે છે તેની કોઈ મર્યાદા નથી. તોફાનની મધ્યે પણ, તમે તેમની શાંતિનો અનુભવ કરી શકો છો, કેમ કે તેઓ દરેક પરિસ્થિતિના નિયંત્રતા છે. ઈશ્વરની જાણ વગર, તમને કશું પણ સ્પર્શ કરી શકશે નહિ. આ આત્મવિશ્વાસ છે જે આપણામાં હોવો જોઈએ. તેઓ આપણને ક્યારેય નિરાશ કરશે નહિ.

વહાલા મિત્રો, તમે કદાચ તમારા જીવનના સૂકા મોસમમાંથી પસાર થઈ રહ્યા હશો, તમે કદાચ અત્યારે તોફાન જેવી પરિસ્થિતિનો અનુભવ કરી રહ્યા હશો, પણ મને તમને કહેવા દો, હું અહિં એકવાર નહિ, બે વાર નહિ, પણ ઘણી બધી વખતોએ હતી અને મેં જોયું છે કે ઈસુ ગઈકાલ, આજે અને સદાકાળ એવાને એવા જ છે.

તેમણે મને હંમેશાં તેમની શાંતિથી ભરી દીધી છે. આજે, ઈશ્વરને વિનંતી કરો કે તેઓ તમને શાંતિ આપે, ભલે તમારી પરિસ્થિતિ કંઈપણ હોય, જે પણ પરિસ્થિતિનો તમે સામનો કરી રહ્યા હો, જે ખાડામાં તમે બેસી રહ્યા હો, કે ગોલ્યાથોનો સામનો કરી રહ્યા હો. ઈસુ તમને શાંતિ આપશે કારણ કે તેઓ શાંતિના સરદાર, રાજકુમાર છે.

શું તમે જાણો છો કે પ્રથમ નાતાલ એ ખરેખર મોટી અને શાંતિપૂર્ણ ઉજવણીવાળી નહોતી? તેનાથી વિપરિત, કેટલાક લોકો ઈસુ ખ્રિસ્તના જન્મ વિશે સાંભળીને ભયભીત થઈ ગયા હતા. તેઓ

(આગળ પાન ૬ પર...)


# નહેમ્યાહ બાઈબલ
## નીવાસી કોલેજ, ચૈનાઈ

**ચેપોક / વેલાચેરી તથા સંથોષપૂરમ, ચૈનાઈ**

**માધ્યમ : તમિલ**

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર
એશિયા થીઓલોજીકલ એશોસિએશન (ATA)
આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો
દ્વારા છેલ્લા ૫૪ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.

**ઈશ્વરવિદ્યામાં સર્ટીફિકેટ**
**ઈશ્વરવિદ્યામાં ડિપ્લોમ**

શૈક્ષણિક પાત્રતા : ૧૦મું ધોરણ અને વધુ
પ્રવેશ લેવા ઝડપ કરો!
મહેરબાની કરીને સંપર્ક કરો

અધ્યક્ષ : નહેમ્યાહ બાઈબલ કોલેજો

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

✶ ONLINE CLASSES ARE AVAILABLE ✶

GREAT COMMISSION PARTNERS

ECHO OF HIS CALL MINISTRIES SINCE 1969

# મહાન આદેશના ભાગીદારો

વહેંચવું (ગલાતીઓને પત્ર ૬:૨), મદદ કરવી (રોમનોને પત્ર ૧૨:૧૩), અને ઝડપ કરવી (રતિમોથીને પત્ર ૧:૬)

## સ્તુતિ તથા પ્રાર્થનાના મુદ્દાઓ ૧૯ ડિસેમ્બર ૨૦૨૩ થી ૧૮ જાન્યુઆરી ૨૦૨૩ સુધી

(મેહરબાની કરીને આ પાન કાઢો, તેને વાળો અને તે તમારા બાઈબલમાં મૂકો અને નિરંતર પ્રાર્થના કરો)

## ✝ સ્તુતિનાં મુદ્દાઓ

**૧૯ ડિસેમ્બર** : અમારી **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ, નહેમ્યા બાઈબલ કોલેજ, ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમ,** જે સર્વ ઓછા નસીબવંતા લોકોની જરૂરિયાતો પૂરી કરવાની સેવા કરી રહ્યા છે તે માટે.

**૨૦ ડિસેમ્બર** : અમારા ભાષાંતર કરનારાઓ, સહસંપાદકો, કો-ઓર્ડીનેટરો અને તેમના પરિવારો પરના આશીર્વાદ માટે.

**૨૧ ડિસેમ્બર** : સેવા વિસ્તારમાંના કાર્યકરોની પ્રતિબધ્ધતા માટે.

**૨૨ ડિસેમ્બર** : અમારા સર્મપિત કાર્યકરોના પરિવારો પર વરસાવેલા આશીર્વાદો માટે.

**૨૩ ડિસેમ્બર** : અમારા વડીલ પાળકનું અને તેમના કુટુંબના સભ્યોનું સર્વ પ્રકારના દુષ્ટ પરિબળોથી રક્ષણ થાય છે તે માટે.

**૨૪ ડિસેમ્બર** : અમારા નહેમ્યા બાઈબલ કોલેજનું બીજુ સત્ર સફળતાપૂર્વક થયુ તેમાં અમને આશીર્વાદિત કરવા માટે.

**૨૫ ડિસેમ્બર** : આ વર્ષ દરમિયાન આપણા સર્વ ખ્રિસ્તી ઉજવણીઓ પરના આશીર્વાદ માટે.

**૨૬ ડિસેમ્બર** : અમારા ૧૬ ભાષાઓનાં સામયિકો માટે અમને નોંધણી પ્રમાણપત્રો મળવાના અમારા પરના આશીર્વાદ માટે.

**૨૭ ડિસેમ્બર** : અમારા પ્રાર્થના ભાગીદારો, લવાજમ ભાગીદારો, વિશ્વાસના ભાગીદારો, જીવનસાથી ભાગીદારો અને મહાન આદેશના ભાગીદારો પર અને તેમના કુટુંબો પરની તેમની દયાને માટે.

**૨૮ ડિસેમ્બર** : અમારા **બાઈબલકોર પત્રવ્યવહાર અભ્યાસક્રમ** અને **ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમ**માંની વૃધ્ધિ માટે.

**૨૯ ડિસેમ્બર** : અમને અમારું સામયિક ૧૬ ભાષાઓમાં છાપવામાં અને પ્રકાશિત કરીને મિશન વિસ્તારોમાં વહેંચવામાં સક્ષમ કરવા માટે.

**30 ડિસેમ્બર** : વર્ષ દરમિયાન અમારા **નહેમ્યા બાઈબલ કોલેજ**ની સારી કામગીરી માટે.

**૩૧ ડિસેમ્બર** : વર્ષ ૨૦૨૩માં અમારી સર્વ જરૂરીયાતો ચમત્કારિક રીતે પૂરી પાડવા માટે.

**૦૧ જાન્યુઆરી:** દુનિયાભરના સર્વ વાચકો અને લોકોને ૨૦૨૪ના નવા વર્ષ દરમિયાન શાંતિ પ્રાપ્ત થાય તે માટે.

**૦૨ જાન્યુઆરી:** ૨૦૨૪ માટે સર્વ ચર્ચો પર અને વિશ્વાસીઓ પરના આશીર્વાદ માટે.

**૦૩ જાન્યુઆરી:** સર્વ ખ્રિસ્તી સંસ્થાઓ અને ચર્ચો પર ૨૦૨૪ના વર્ષ દરમિયાનના આશીર્વાદ માટે.

## ✝ પ્રાર્થનાનાં મુદ્દાઓ

**૦૪ જાન્યુઆરી:** જુવોનો મધ્યેથી હિંસાની વૃત્તિની નાબૂદી માટે અને તેઓ પવિત્ર આત્માથી ભરપૂર થાય તે માટે.

**૦૫ જાન્યુઆરી:** સર્વ પરિવારોમાં શાંતિ જળવાઈ રહે તે માટે.

**૦૬ જાન્યુઆરી:** દુનિયાના આગેવાનો દૈવી ડહાપણથી ભરપૂર થાય અને લોકોના કલ્યાણ માટે કામ કરે તે માટે.

**૦૭ જાન્યુઆરી:** દુનિયાભરની દરેક જણની આવકમાં સુધારો થાય તે માટે.

**૦૮ જાન્યુઆરી:** દુનિયાભરની ખ્રિસ્તી શૈક્ષણિક સંસ્થાની સારી પ્રતિષ્ઠા ટકી રહે તે માટે.

**૦૯ જાન્યુઆરી:** ખ્રિસ્તીઓ ઈશ્વરના વચનને અનુસરે અને ખ્રિસ્ત જેવો સ્વભાવ દર્શાવે તે માટે.

**૧૦ જાન્યુઆરી:** દેશો વચ્ચે શાંતિ જળવાય અને આર્થિક વિકાસ થાય તે માટે.

**૧૧ જાન્યુઆરી:** વર્ષ ૨૦૨૪માં ઈશ્વરના પરાક્રમી હાથ નીચે પાળક એસ. સામ સેલ્વરાજ અને તેમના પરિવારના સભ્યો સુરક્ષિત રહે તે માટે.

**૧૨ જાન્યુઆરી:** સઘળી મંડળીઓમાં દુષ્ટ પરિબળો સામે દૈવી રક્ષણ મળે તે માટે.

**૧૩ જાન્યુઆરી:** સર્વ ચર્ચો અને ખ્રિસ્તી સંસ્થાઓ કાયદેસર રીતે સરકાર સાથે નોંધણીકૃત થાય તે માટે.

**૧૪ જાન્યુઆરી:** અમારી સંસ્થા માટે યોગ્ય કર્મચારીઓ મળી રહે તે માટે.

**૧૫ જાન્યુઆરી:** અમારી મિનિસ્ટ્રીના ભાગીદારો અને રાજ્ય કો-ઓર્ડીનેટરોની તેમની પ્રવૃત્તિઓમાં સફળતા માટે.

**૧૬ જાન્યુઆરી:** અમારા વડીલ પાળક તેમની આત્મકથા સફળતાપૂર્વક પૂર્ણ કરી શક્યા તે માટે.

**૧૭ જાન્યુઆરી:** અમારી મિનિસ્ટ્રીના વિસ્તરણ માટે અને દુનિયાભરમાં સુવાર્તા પ્રચાર થાય તે માટે.

**૧૮ જાન્યુઆરી:** આ મહિનાની અમારી જરૂરીયાતો માટેની ઈશ્વરની વ્યવસ્થા માટે.

(પાન ૪ પરથી આગળ...)

ગભરાઈ ગયા હતા. અને વ્યગ્ર થઈ ગયા હતા. જો કે, જેઓ ગભરાઈ ગયા હતા અને તોપણ વિશ્વાસુ હતા અને શુભ સુવાર્તા પર વિશ્વાસ કર્યો હતો, તેમણે આનંદ મનાવવાની શરૂઆત કરી હતી. જ્યારે દૂત ભરવાડોની પાસે આવીને ઊભો રહ્યો, તેણે કહ્યું, "**...બીહો મા; કેમ કે જુઓ, હું મોટા આનંદની સુવાર્તા તેમને કહું છું અને તે સર્વ લોકોને માટે થશે.**" (લૂક ૨:૧૦). તે લોકો સરળ વિશ્વાસ ધરાવતા સામાન્ય લોકો હતા.

ત્યાં એક બીજી મહત્ત્વની બાબત છે જે આપણી શાંતિનો ભંગ કરે છેઃ ધિક્કાર કરવો અને માફી ન આપવી.

આ મને એક કવિતાની યાદ અપાવે છેઃ **ઝેરી વૃક્ષ : વિલ્યમ બ્લેક** કૃત.

*હું મારા મિત્ર પર ગુસ્સે થયો હતો;*
*મેં મારે ક્રોધ જણાવ્યો, મારા ક્રોધનો અંત આવ્યો.*
*હું મારા શત્રુ પર ગુસ્સે થયો હતો;*
*મેં તે કહ્યુ નહિ, મારો ક્રોધ વધ્યો હતો.*
*અને મેં બીકમાં પાણી પાયું;*
*રાત્રે અને દિવસે મારા આસુંઓ સાથે;*
*અને મેં સ્મિત સાથે તડકો આપ્યો,*
*અને નરમ કપટી લૂચ્ચાઈ સાથે.*
*અને તે રાત્રે અને દિવસે વધ્યો હતો.*
*જ્યાં સુધી તેણે ચમત્કાર ફળ આપ્યું.*
*અને મારા શત્રુએ તેને ચમકતા જોયું,*
*અને તે જાણતો હતો કે તે મારું છે.*
*અને મારા બગીચામાં ચોરી કરી,*
*જ્યારે રાત્રીએ થાંભલાને ઢાંકી દીધો હતો;*
*સવારે મને તે જોઈને આનંદ થયો;*
*મારો શત્રુ ઝાડ નીચે ફસાયેલો હતો.*

આ મારી અત્યાર સુધીની માનીતી કવિતા છે.

આવો આપણે માફ કરીએ અને આગળ વધીએ. ત્યારે જ આપણે શાંતિ શોધી શકીશું. જો આપણે માફી ન આપવી આપણા હૃદયોમાં પકડી રાખીશું, તો શાંતિ આપણાથી દૂર જશે. લોકોએ આપણી સાથે ખરાબ કર્યુ હોય, આપણને ઊંડા ઘા પહોંચાડ્યાં હોય, આપણને દુઃખ આપ્યું હોય કે પીઠ પાછળ ઘા કર્યો હોય. આવો ઈશ્વરને તે સાથે વ્યવહાર કરવા દો.

કદાચ તમારે કોઈકને તમારા જીવનમાં હજી પણ માફ કરવાનું બાકી હોય; હવે આ સમય છે. સમાધાન કરવા માટે સંદેશો મોકલો કે ફોન કરો. ઈશ્વર તમને તેમ કરવા કૃપાળુ રીતે શાંતી આપો.

## ૩. તેમની હાજરીની ભેટ!

ઈશ્વર તરફથી મળનારી ત્રીજી ભેટ છે તેમની હાજરી. આહા! કેવી અદ્ભુત ભેટ! તેમનું નામ છે ઈમ્માનુએલ, એટલે, "ઈશ્વર આપણી સાથે છે". તેમણે આપણને ખાતરી દાયક વચન આપ્યું છે કે તેઓ આપણને છોડી દેશે નહિ કે તજી દેશે નહિ. **તેમની હાજરીમાં, ત્યાં સંપૂર્ણ આનંદ છે.** (ગીતશાસ્ત્ર ૧૬:૧૧) દાઉદ રાજા પાસે તેના જીવનમાં બધુ જ હતું – પૈસા, ખ્યાતિ, સંપત્તિ, સત્તા, વિજય અને તોપણ તેણે તે સર્વના કરતા એક બાબતની ઝંખના રાખી હતી – ઈશ્વરની સંમુખ, હજૂરમાં રહેવાની, તેના મહેલમાં રહેવા કરતા વધુ. જ્યારે દાઉદે પાપ કર્યુ હતું, ત્યારે તે તેની પ્રતિષ્ઠાથી ચિંતિત ન હતો; તે પવિત્ર આત્માની હાજરી માટે વધુ ચિંતિત હતો. તેણે કહ્યું, "**તારી સંમુખથી મને કાઢી મૂકતો નહિ; અને તારો પવિત્ર આત્મા મારી પાસેથી લઈ લેતો નહિ.**" (ગીતશાસ્ત્ર ૫૧:૧૧).



*તેમની હાજરીમાં આનંદની પૂર્ણતા છે*

જ્યારે ઈસુ ઘરે ગયા, ત્યારે તેમણે કહ્યું, "**અને હું બાપને વિનંતી કરીશ, ને તે તમને બીજો સંબોધક તમારી**

(આગળ પાન ૮ પર...)

**નહેમ્યાહ બાઈબલ સાંધ્ય કોલેજ**
**ચેપોક તથા સંથોષપૂરમ, ચેન્નાઈ**

**માધ્યમ : તામિલ**

સભ્યપદ માટે નોંધેલા ઉમેદવાર – ATA

**આંતરરાષ્ટ્રિય ખ્રિસ્તી આગેવાનો અને વડિલ પાળકો દ્વારા છેલ્લા ૫૪ વર્ષોથી માન્યતા પ્રાપ્ત.**

Certificate in Ministry
Diploma in Theology

**શૈક્ષણિક પાત્રતા : ૧૦મું અને વધુ**

**પ્રવેશ લેવા ઝડપ કરો!**
**મહેરબાની કરીને સંપર્ક કરો**

**Contact : The Chairman, Nehemiah Bible College.**
10, MOHAMMED ABDULLAH 2ND STREET, BELLS ROAD, CHEPAUK, CHENNAI - 600 005, INDIA.
Phone : (+91-44) 2852 8282, Cell : (+91) 98410 71852 / 95661 31858
E.mail : sam@echoofhiscall.org / Website : www.echoofhiscall.org

## અમારા મુખ્યાલયમાં ચાલતી અમારી મિનિસ્ટ્રીજને માટે કૃપા કરીને પ્રાર્થના કરશો.

૧. પ્રાર્થના ભજનસેવા - ૨૪ કલાકો.
૨. **બાઈબલકોર** - બાઈબલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો અંગ્રેજી, તામિલ અને હિન્દી.
૩. **ઈકો ઓફ હીજ કોલ** - માસિક સામયિકો : અંગ્રેજી, તમિલ, મલયાલમ, તેલુગુ, હિંદી, મરાઠી, કન્નડ, બંગાલી, ગુજરાતી, ઉડીયા, આસામી, પંજાબી, નેપાલી, ઊર્દુ, સિંહાલા અને આફ્રિકન્સ
૪. નહેમ્યાહ બાઈબલ કોલેજો - (બે કેન્દ્રો) (સાંધ્ય / નિવાસી)
૫. ઈશ્વરવિદ્યાના પત્રવ્યવહાર અભ્યાસક્રમો - અંગ્રેજી અને તામિલ
૬. મહાન આદેશના ભાગીદારો - (પાળકોનું માળખું)
૭. તાલિમ કાર્યક્રમો
૮. ક્રુસેડો
૯. સાહિત્ય વિતરણ અને તેનું ફોલો અપ
૧૦. સુવાર્તા છાપખાનું - પ્રકાશનો
૧૧. સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ - ગ્રામ્ય અંગ્રેજી માધ્યમિક શાળા
૧૨. રવિવારની શાખા - રવિવારે સવારે ૮.૩૦ અને સાંજે ૪.૦૦ વાગે.
**૧૩. તામિલ ભજનસેવા - રવિવારે સવારે ૮.૦૦ વાગે અને ૧૦.૦૦ વાગે**
**૧૪. હિન્દી ભજનસેવા - રવિવારે સાંજે ૪.૦૦ વાગે**
**૧૫. તેલગુ ભજનસેવા - રવિવારે સાંજે ૫.૦૦ વાગે**
**૧૬. અંગ્રેજીને તામિલ ભજનસેવા - રવિવારે સાંજે ૬.૦૦ વાગે**
૧૭. મહિલાઓની પ્રાર્થના - બુધવારે સાંજે ૫.૦૦ વાગે
૧૮. પૂરૂષોની પ્રાર્થના - શુક્રવારે સાંજે ૫.૦૦ વાગે
૧૯. અનુશાસનતા બેઠકો - શનિવારે સાંજે ૬.૦૦ વાગે
૨૦. ગૃહ બેઠકસભા - મંગળવારે અને ગુરૂવારે સાંજે ૬.૩૦ વાગે
૨૧. ખાસ પ્રભુ ભોજન - મહિનાના પ્રથમ દિવસે સવારે ૬.૦૦ વાગે
૨૨. સેવકોની સમીક્ષા બેઠક - પ્રથમ શનિવારે સાંજે ૫.૩૦ વાગે
૨૩. માતાપિતાઓની પ્રાર્થના - પ્રથમ રવિવારે સાંજે ૪.૦૦ વાગે
૨૪. રાત્રી પ્રાર્થના - બીજા શુક્રવારે રાત્રે ૯.૩૦ વાગે
૨૫. ઉપવાસ સાથેની પ્રાર્થના - ત્રીજા શનિવારે સવારે ૯.૩૦ વાગે
૨૬. પવિત્ર સહભાગીતા/પ્રભુ ભોજન - બીજા રવિવારની ભજનસેવા વખતે
૨૭. સવારની ભક્તિ - દરરોજ સવારે ૫.૦૦ વાગે
૨૮. કર્મચારીઓની તાલીમ - દરરોજ સવારે ૯.૦૦ વાગે
૨૯. કાયાલય - સવારે ૯.૦૦ થી રાત્રે ૯.૦૦ (રવિવાર સિવાય)

## ઇકો ઓફ હીજ કોલ પત્રવ્યવહાર અભ્યાસક્રમો

### ૧. બાઈબલકોર

અમે બાઈબલના મૂળભૂત સત્યો પર આધારિત પત્રવ્યવહાર અભ્યાસક્રમ નવા ખ્રિસ્તીઓ માટે અને બીન-ખ્રિસ્તીઓ માટે રજૂ કરીએ છીએ- અંગ્રેજીમાં-૫૭ પૃષ્ઠો, હિન્દીમાં-૭૬ પૃષ્ઠો અને તામિલમાં-૯૬ પૃષ્ઠોનો. તમને અભ્યાસક્રમનું પુસ્તક, જેનું નામ છે, "નવુ જીવન-તમારા માટે" એ મળશે. આ અભ્યાસક્રમની સમાપ્તિ પછી તમને એક સર્ટીફીકેટ આપવામાં આવશે. આ માટે કોઈ ફરજીયાત શૂલ્ક નથી. તમે આશીર્વાદિત થશો!

### ૨. ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ

અગ્રિમ અંતર શિક્ષણ જે **ઈશ્વરવિદ્યાનો પત્રવ્યવહાર અભ્યાસક્રમ** તરીકે ઓળખાય છે, તે અંગ્રેજીમાં ૫૩૭ પૃષ્ઠો અને તામિલમાં-૬૫૨ પૃષ્ઠો સાથે પાળકો, સુવાર્તિકો, ખ્રિસ્તી આગેવાનો અને લે આગેવાનો માટે ઉપલબ્ધ છે. રૂા.૧૦૦૦/- ફી શુલ્ક લેવામાં આવશે. ૧૪૯ પ્રકરણો સાથે ૭ પુસ્તકો આપવામાં આવશે. **મિનિસ્ટ્રીમાં સર્ટીફીકેટ** આપવામાં આવશે. ઇશ્વર તમને આશીર્વાદિત કરશે!

**વધુ માહિતી માટે અમારા પર લખો**

**The Chairman, Nehemiah Bible College,**
Echo of His Call, Post Box 2957
CHEPAUK, CHENNAI - 600 005.
Ph.: (044) 2852 8282, 2852 9293, 2854 7766,
Cell : 98410 71852, 95661 31858
E.mail : biblecor@yahoo.co.in

## ઈકો ઓફ હીજ કોલ
### માસિક સામયિક વિના મૂલ્ય મેળવવાની એક સારી તક

જો તમે તમારા મિત્રો, સંબંધીઓના સરનામા ટપાલથી, પત્રથી, ઈમેલથી, વોટ્સઅપથી અથવા ફોનથી અમારા પર મોકલશો, તો અમે **ઈકો ઓફ હીજ કોલ** માસિક સામયિક તેમના ઘરે વિના મૂલ્ય મોકલશું.

## કર મુક્તિ

કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટને અપાયેલ દાનો આવકવેરા મુક્તિ હેઠળ સેક્સન ૮૦જી મુજબ કર મુક્તિને પાત્ર છે. આ માટે અધિકૃત રસીદ આપવામાં આવશે. મહેરબાની કરીને તમારા આવા દાનો ડિમાન્ડ ડ્રાફ્ટ / ચેકો / મનિઓર્ડર દ્વારા **ઈકો ઓફ હીજ કોલ** શૈક્ષણિક ટ્રસ્ટની તરફેણમાં લખો અને અમને મોકલી આપો.

| | | |
|---|---|---|
| Account Name | : | ECHO OF HIS CALL EDUCATIONAL TRUST |
| Account Number | : | 1023 2923 805 |
| Bank Name | : | STATE BANK OF INDIA |
| Branch | : | TRIPLICANE, CHENNAI - 600 005 |
| IFSC Code | : | SBIN 0000249 |
| SWIFT Code | : | SBI NIN BB 455 |



# ખાડામાંથી મહેલમાં

## Pit To Palace

(પાળક એસ. સામ સેલ્વરાજના જીવનનાં અનુભવો)

“જે વાંચે, તે સમજે” (માથ્થી ૨૪:૧૫)

## યહોવા પ્રભુ સાંભળે છે અને છોડાવે છે!

THE LORD HEARS AND DELIVERS!

**“ન્યાયીઓએ પોકાર કર્યો અને યહોવાએ સાંભળીને સર્વ સંકટમાંથી તેઓને છોડાવ્યા.”**


ગીતશાસ્ત્ર ૩૪:૧૭

મારી મિનિસ્ટ્રીના શરૂઆતના દિવસોમાં, મારી ઓછી આવકને કારણે મારે સાદી જીવનશૈલીમાં જીવવું પડતું હતું. એક સવારે, મારા સ્વ. મુખ્ય પાળક, પાળક જી. સુંદરમે ચર્ચમાં જાહેર કર્યું કે ત્યાં ચૈનાઈના પ્રાર્થના સભાના ખંડમાં આવનાર રવિવારે ખાસ સભા મળશે. તે સમયે, હું ચર્ચના ચપ્પલો મુકવાના અભરાઈની સેવાને માટે જવાબદાર હતો. તેથી, મેં મારી પાસે જે એકમાત્ર સારા કપડાની જોડ હતી, તે ધોયા અને તેને રવિવારે વાપરવા માટે તૈયાર કરીને રાખી મૂક્યા.

તેના પાછલા શુક્રવારે, એક જુવાન માણસે મારી મુલાકાત લીધી, અને મારા મિત્રોમાંના એકના ભાઈ તરીકે પોતાની ઓળખાણ આપી. તેણે મને ત્યાં બે દિવસ રહેવાની સગવડ માટે વિનંતી કરી અને મેં તેને ખુશીથી રહેવા માટેની મંજૂરી આપી. હું મારા જૂના મિત્રના ભાઈને મદદ કરવા માટે ખૂશ હતો.

જો કે, મારા આશ્ચર્ય વચ્ચે, બીજા દિવસે, શનિવારે જ્યારે હું ઘરથી બહાર હતો, તેણે મારા જૂના અને નવા કપડાં ભેગા કર્યા, જેમાં જે નવી જોડી મેં રવિવારની ભજનસેવામાં પહેરવા બાજુ પર રાખી હતી, તે સાથે, મારી કેટલીક કિંમતી વસ્તુઓ લઈને, તે ત્યાંથી નાસી ગયો. મેં મારા સઘળાં કપડા અને કિંમતી વસ્તુઓ ગુમાવી હતી.

હું મારી પરિસ્થિતિ માટે ઘણો શરમિંદો થયો હતો કારણ કે મારી પાસે રવિવારને માટે બીજા કપડાઓની જોડી ખરીદવા માટે પૈસા નહતા. મારી ચપ્પલો મૂકવાની અભરાઈની સેવા કરવાના મારા કામ માટે મારે જૂના કપડા પહેરીની તેમ જવાની મને મંજૂરી નહોતી, કારણ કે મારા પાળક યોગ્ય રીતે કપડા પહેરવાના નિયમ અને દેખાવ વિશે ઘણા કડક હતા. હું ઘણો દુઃખી થઈ ગયો હતો અને ઈશ્વર પ્રભુ તરફ ફર્યો હતો, એ આશામાં કે હું કોઈ નાણાકિય સહાયતા મેળવીને નવા કપડાની જોડ ખરીદી શકુ. જો કે મારો વિશ્વાસ ડગમગતો હતો પણ મારી પાસે કોઈ વિકલ્પ ન હતો પણ તે શનિવારની બપોરે મુશ્કેલ પરિસ્થિતિમાં કોઈ ચમત્કાર માટે ઈશ્વરનાં વિશ્વાસ રાખવો.



અચાનક, મારા ઘરની બહારથી કોઈ મને હાંક મારી. હું બહાર ગયો અને તે વ્યક્તિને અંદર આવવા માટે આમંત્રણ આપ્યું. તે સફેદ રંગના કપડાની થોડી જોડીઓ ભરેલી એક બેગ સાથે લઈને આવ્યો હતો. તેણે તે મારા હાથમાં સોંપી અને કહ્યું, “વહાલા ભાઈ સામ, છ મહિના પહેલા, મારા સંબંધીઓમાંનાં એક પરદેશથી સફેદ રંગના પેન્ટ અને શર્ટની ઘણી બધી જોડીઓ લઈને આવ્યા હતા. કેમ કે તે મારા શરીરના માપ મુજબ નથી, તે હું તમને આપવા ઈચ્છું છું, કેમ કે તે તમને બરાબર આવી જશે.” હું આભારી ભાવથી અને આનંદથી ઉભરાઈ ગયો. કેમ કે બધા કપડાં ભારેમાંના પરદેશી બનાવટથી બનાવવામાં અને સિવવામાં આવ્યા હતા અને તે બધા બરાબર મારા માપના હતા.

બીજે દિવસે, મેં એક જોડી પહેરી લીધી અને દેવળમાં ગયો. પાળક જી. સુંદરમ, જે અમારા મુખ્ય પાળક હતા, તેમણે મારી તરફ ઉપર નીચે જોયું અને કહ્યું, “ભાઈ સામ, આજે તેં ખામી રહિત કપડા પરિધાન કર્યા છે!” મેં તેમને સંક્ષિપ્તમાં સમજાવ્યું કે શું થયું હતું અને કેવી રીતે ઈશ્વરે મને આશીર્વાદિત કર્યા હતો. તેઓ પણ ખુશ થયા અને મારા ખભા પર હાથ મૂકીને મને શાબાશી આપી, તેમની પારંપારિક દૈવી શૈલીમાં સ્મિત કરતા કરતા. ઈશ્વર પિતાની સ્તુતિ થાઓ.

જેમ ગીતશાસ્ત્ર ૩૪:૧૯ કહે છે, “ન્યાયી માણસને માથે ઘણાં દુઃખ આવે છે; પણ યહોવા તે સર્વમાંથી તેને છોડાવે છે.”

-x -x-x-x-

---

(પાન ૬ પરથી આગળ...)

**પાસે સદા રહેવા માટે આપશે.”** (યોહાન ૧૪:૧૬). આવો આજે આપણે આપણી જાતને પૂછીએ, શું આપણી પાસે આપણા જીવનોમાં, આપણાં ઘરોમાં અને આપણા સંબંધોમાં, પતિ અને પત્નિની વચ્ચે, ઈશ્વરની હાજરી છે? શું આપણે ઈશ્વરની હાજરીને પ્રાધાન્ય આપીએ છીએ કે આ જગતની ભેટોને? આ નાતાલની મોસમમાં આપણે આપણી જાતને આ પ્રશ્ન પૂછવાનો છે.

### ૪. ઈશ્વરના સામર્થ્યની ભેટ

શાંતિના રાજકુમારની બીજી એક અલૌકિક ભેટ છે, આપણા જીવનોમાં તેમની અદ્ભુત અને પરાક્રમી હાજરી. ઈસુના જન્મ એ ઉત્પત્તિ ૩.૧૫માં જે ભવિષ્યવાણી આપવામાં આવી હતી, તેની પરિપૂર્ણતા છે, જે તારનારના વચનની પ્રથમ ખાતરી છે. કલમ જણાવે છે કે, **“...તારી ને સ્ત્રીની વચ્ચે, તથા તારાં સંતાનની ને તેનાં સંતાનની વચ્ચે હું વેર કરાવીશ; તે તારું માથું છૂંદશે, ને તું તેની એડી છૂંદશે.”** ઉત્પતિ ૩:૧૫.

આ કલમ કાયમસ્વરૂપે શેતાન અને

માણસજાત વચ્ચેની શત્રુતાને સ્થાપિત કરે છે. જો કે જન્મએ શેતાનની દરેક શક્તિને વિખેરી નાખી હતી. શેતાન, ઈશ્વરની યોજનાને નિષ્ફળ કરવા માટે ઈસુના જન્મ વખતે નાના બાળકોને શોધીને મારી નાખીને આકાશી હેતુને નષ્ટ કરવાનો પ્રયત્ન કરે છે. તેમ છતાં, શેતાનની યોજના વ્યર્થ હતી, કેમ કે તે ઈશ્વરની યોજનાનો નાશ કરી શકતો નથી. વહાલા બાળકો, મારા અને તમારા માટેની ઈશ્વરની યોજનાનો કોઈ પણ નાશ કરી શકતું નથી. જો કે તમારી હાલની પરિસ્થિતિ કદાચ બીજૂ કંઈ સૂચવતું હોય, યાદ રાખો કે યશાયાએ **ઈશ્વરને ઉચ્ચ અને ઉન્નત રાજ્યાસન પર બેઠેલા જોયા હતા.** (યશાયા ૬:૧). આપણા યહોવા પ્રભુ રાજ કરે છે! અંતિમ સત્તા આપણા યહોવા પ્રભુ પાસે છે. ઈશ્વર આપણા પંગલાંને દોરે છે અને સમુદ્રના મોજાઓની મર્યાદા નક્કી કરે છે, તેમને વધુ આગળ ન વધવાની આજ્ઞા કરે છે. ઈશ્વર જાહેર કરે છે, ''મારે હેતુ દ્રઢ રહેશે!'' આપણા ઈશ્વર સામર્થ્યમાં પરાક્રમી અને અદ્ભુત છે!

તેમની આપણા માટેની ઈચ્છા છે કે આપણે વિજેતા બનીએ અને આપણી પરિસ્થિતિઓ, નિષ્ફળતાઓ, પરાજયો, પાપો, શાપો અને સર્વ ઉપરાંત, શેતાનને પરાજીત કરીએ. છોડી દેશો નહિ! નાતાલ આપણને એ યાદ અપાવવા માટે છે કે આપણે વિજેતાઓ કરતાં કંઈક વધુ છીએ. એલિસાબેતે શાપ પર વિજય મેળવ્યો હતો, મરિયમે સામાજિક લાંછન પર વિજય મેળવ્યો હતો અને માણસજાતે પાપ પર અને શેતાન પર વિજય મેળવ્યો હતો.

તમે શાને માટે રાહ જોઈ રહ્યા છો? યાદ રાખો, આપણે વિજેતા કરતાં કંઈક વધુ છીએ.

## ૫. માફ કરવાની ભેટ!

અંતે, જ્યારે ઈશ્વરે આ જગતનું સર્જન કર્યુ હતું, ત્યારે તેમણે જોયું કે તે સારું, સુંદર અને સંપૂર્ણ છે. તેમ છતાં, આજ્ઞાભંગ દ્વારા પાપના પ્રવેશ સાથે, સઘળું બદલાઈ ગયું હતું.



*Forgiveness of Jesus Christ*

તેણે પાપને દાખલ થવા દીધું અને ત્યારથી માણસજાત પાપ પર અને તેના પરિણામો પર વિજય મેળવવામાં સંઘર્ષ કરી રહ્યો છે. આ ખ્યાલ દરેક ધર્મમાં હાજર છે. બાઈબલ કહે છે, ''**...પાપનો મૂસારો મરણ છે...**'' રોમનોને પત્ર ૬:૨૩. બીજા શબ્દોમાં, પાપભર્યા કાર્યોના પરિણામો શારીરીક મરણ સુધી મર્યાદિત નથી પણ તે આત્મિક મરણ પણ લાવે છે. પાપે આપણને ઈશ્વરથી જુદા કરી દીધા છે, આપણી મધ્યે એક ઊંડી ખાઈ ઉત્પન્ન કરીને. જો કે, ઈસુ ખ્રિસ્તના જન્મની સાથે આ જુદાપણાનો અંત આવ્યો છે. જ્યારે ઈસુ આ જગતમાં આવ્યા, તેમનો હેતુ આપણા પાપો માટે મૃત્યુ પામવાનો હતો અને આપણે બદલે શિક્ષા પોતાના પર લેવાની હતી. વધસ્તંભ પર મૃત્યુ પામીને, ઈસુએ આપણને ''**કૃપા**''ની ખાસ ભેટ આપી છે. નાતાલ એ ઈશ્વરના શુધ્ધ નિઃસ્વાર્થ પ્રેમને યાદ કરવાનો સમય છે, જે આપણી પાસે કૃપાના સ્વરૂપમાં આવી છે. વધુમાં, ઈસુ સતત આપણા માટે મધ્યસ્થી કરી રહ્યા છે, જેમ રોમનોને પત્ર ૮:૩૪માં લખ્યું છે. તે યાદ રાખવું મહત્ત્વનું છે કે ત્યાં કોઈ પાપ એટલું મોટું નથી કે જેને કૃપા હેઠળ આવરી ન શકાય અને કોઈ પાપ એટલું નાનું નથી કે જેને કૃપા દૂર ન કરી શકે.

વહાલા મિત્રો, આ જગતમાં દબાણો, આપણા જીવનોની માગણીઓ અને પડકારો જેનો આપણે સામનો કરીએ છીએ, તે કેટલીક વાર આપણને ઈશ્વરથી દૂર લઈ જાય છે. જો તમે તમારી જાતને યહોવા પ્રભુથી દૂર થઈ જતા જુઓ છો, તો હવે તે સમય છે તેમની પાસે પાછા આવવાનો.

ઈસુ આપણને પ્રેમ કરે છે અને આપણને માફ કરવા ઈચ્છે છે. તેઓ ઈચ્છે છે કે આપણે તેમની સાથે વ્યક્તિગત સંબંધ રાખીએ.

વહાલા મિત્રો, હું પ્રાર્થના કરું છું કે, આ નાતાલ તમારા માટે અર્થપૂર્ણ બની રહે. તે રાજકુમારની આ પાંચ ભેટોનો આનંદ માણો. હું પ્રાર્થના કરું છું કે તમે હમેશા યાદ રાખો કે તેઓ વચન પાળનારા છે, ભલે તે માટે કેટલો પણ સમય જાય. તેઓ શાંતિ આપનારા છે તોફાનની મધ્યે પણ. તેમને હાજરી હમેશાં આપણી સાથે રહેશે, જ્યારે આપણે તે જોઈ ન શકીએ કે અનુભવી ન શકીએ, ત્યારે પણ. આપણા છેલ્લા શ્વાસ સુધી તેઓ આપણી સાથે રહેશે. તેઓ સામર્થ્યવાન ઈશ્વર છે, તેથી આપણે બીવાની જરૂર નથી. તેઓ આપણને માત્ર વિજયી જ બનાવશે નહિ પણ વિજેતા કરતા પણ વધુ. અંતે તેઓ આપણને તેમના હાથોમાં અલિંગન આપવા રાહ જોઈ રહ્યા છે અને તમે કેવા પણ હો, તેવા તમને સ્વીકારવા તૈયાર છે.

જો તમે રાજકુમારની પાંચ ભેટોને સ્વીકારશો, તો તમે નાતાલના ખરા અર્થનો અનુભવ કરી શકો છો.

તમ સર્વને ઘણી આનંદિત, હર્ષભરી અને અર્થપૂર્ણ નાતાલની શુભેચ્છાઓ!


# WANTED for
## NEHEMIAH BIBLE COLLEGE
of ECHO OF HIS CALL, Chennai
(ATA Candidate)

1. **DEAN (Residential):** Hindi Theologian with M.Div. / M.Th. Degree & experience.
2. **VICE-PRINCIPAL:** English / Tamil / Hindi Theologian with M.Div. / M.Th. & experience.
3. **CO-ORDINATOR:** With Computer / Typing knowledge in English, Tamil & Hindi.

Eligible candidates may send bio--data to:
E.mail: sam@echoofhiscall.org
WhatsApp: (+91) 98410 71858

# તાત્કાલિક

**અમને અમારા નહેમ્યા બાયબલ કૉલેજો માટે લગભગ ૧૦૦૦ હિન્દી ખ્રિસ્તી પુસ્તકોની જરૂર છે. કૃપા કરીને અમને થિયોલોજીકલ હિન્દી પુસ્તકોની પ્રાપ્તિની શક્યતા જણાવો.**

- Pr. S. Sam Selva Raj, Editor
+91-98412 71858

# લાઈબ્રેરી માટે પુસ્તકોની જરૂરીયાત

અમને અમારા **સેન્ટ પોલ મેટ્રીક્યુલેશન સ્કૂલ** અને **નહેમ્યા બાઈબલ કોલેજો**ની લાઈબ્રેરી માટે તામિલ, અંગ્રેજી અને હિન્દી ભાષામાં પુસ્તકોની જરૂર છે. જો તમારી પાસે નવા કે જુના પુસ્તકો સારી સ્થિતિમાં હોય અને તે તમે દાન કરવા ઈચ્છતા હો, તો કૃપા કરીને અમારો સંપર્ક કરશો.

- Pr. S. Sam Selva Raj, Editor
+91-98412 71858

RNI NO. 70103/98, Postal Regn. No. TN/CH(C)/203/21-23 WPP NO. TN/PMG(CCR)/WPP-216/21-23

## ઈકો ઓફ હીજ કોલ

### યુટ્યુબ

**સબસ્ક્રાઈબ કરો**

જ્યારે તમને સમય મળે ત્યારે કૃપા કરીને અમારી **ઈકો ઓફ હીજ કોલ યુટ્યુબ ચેનલ** જુઓ અને તેને સબસ્ક્રાઈબ કરો. આભાર

– સંપાદક

## OUR BANK DETAILS:

### *1. Bank : State Bank of India*

Branch : Triplicane, Chennai-5
Name : S. Sam Selva Raj
A/C No. : 1023 2934 679
IFSC : SBIN 00 00 249
SWIFT CODE : SBI NIN BB 455

### *2. Bank : ICICI Bank*

Branch : Anna Salai, Chennai-6
Name : Echo of His Call
A/C No. : 6038 0502 2319
IFSC : ICIC 000 6038

### *3. Bank : State Bank of India*

(This Account is for Tax Exemption for Indians only )

Branch : Triplicane, Chennai-5
Name : Echo of His Call Educational Trust
A/C No. : 1023 2923 805
IFSC : SBIN 00 00 249

Google Pay: 98410 71858
PayPal : SAM SELVA RAJ

*****

E.mail : sam@echoofhiscall.org

## તેમના સાદનો પ્રતિસાદ

૧૬ ભાષાઓમાં પ્રકાશિત થતુ માસિક સામાયિક, બાઈબલ કોલેજો, પત્રવ્યવહાર અભ્યાસક્રમો, ચર્ચ પ્લાંટીંગ, ગ્રામ્ય અગ્રેજી માધ્યમિક સ્કુલ, સુવાર્તા છાપખાનું, ધર્મસભાઓ, પરિસંવાદો, સામાજીક સેવાઓ વગેરે.

વાર્ષિક લવાજમ : રૂ.૧૦૦/- આજીવન લવાજમ રૂ.૨૦૦૦/-

**તેમના સાદનો પ્રતિસાદ** (ઇકો ઓફ હીજ કોલ) મિનિસ્ટ્રીની અનેકવિધ પ્રવૃત્તિઓ તમારા જેવા દેવના લોકો દ્વારા મળનાર સ્વૈછીક દાનો પર આધારીત છે. જેમ ઈશ્વર તમને દોરે તેમ તમે ઈકો ઓફ હીજ કોલ અને તેની પ્રવૃત્તિઓને મદદ કરી શકો છો. અમને તમારી મદદની જરૂર છે જેથી અમે વણખેડાયેલા લોકો સુધી સુવાર્તા મોકલી શકીએ અને ચર્ચો ઉભા કરી શકીએ.

જો તમે **ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) સામાયિક નિયમિતપણે મેળવવા માગો છો, તો મહેરબાની કરીને અમારા પર લખો. જ્યારે પણ તમે તમારૂં પત્રવ્યવહાર સરનામું અથવા ઈમેલ સરનામા બદલો, મહેરબાની કરીને અમને તમારા જુના અને નવા સરનામા જણાવશો.

**ઈકો ઓફ હીજ કોલ** (તેમના સાદનો પ્રતિસાદ) ૧૬ ભાષાઓમાં અમારી વેબસાઈટ પર ઉપલબ્ધ છે, તમે તે સાઈટ પર જઈને વાંચી શકો તેમજ ડાઊનલોડ કરી શકો અને આશિર્વાદ મેળવો.

તમારા પત્રો, પ્રાર્થના વિનંતિઓ અને તમારી નાણાંકીય મદદો મનીઓર્ડર, ચેક અથવા ડી.ડી.દ્વારા NEFT, PayPal (Sam Selva Raj, sam@echoofhiscall.org) Phone Pay (9841071858) GPay (9841071858) વેસ્ટર્ન યુનિયન, મનીગ્રામ વગેરે મારફત ઇકો ઓફ હીજ કોલ મિનિસ્ટ્રી પર નીચે દર્શાવેલ સરનામાપર મોકલી શકો છો.

મહેરબાની કરીને તમારા **ઘરનો ફોન/સેલ નંબરો, ઈમેલ સરનામા** અપડેશન માટે મોકલો.

અમારૂં સરનામું **ECHO OF HIS CALL**

10, MOHAMMED ABDULLAH 2ND STREET, CHEPAUK, CHENNAI - 600 005, INDIA
PH: (+91-44) 2852 8282, 2852 9293, 2854 7766/ Cell: (+91) 98410 71852, 95661 31858 / E.mails: sam@echoofhiscall.org / biblecor@yahoo.co.in
Websites: www.echoofhiscall.org / www.stpaulsmatriculation.com

**YOU CAN SEND YOUR DONATION ONLINE ALSO**

RNI NO. 70103/98
Postal Regn. No. TN/CH/(C)/203/21-23
WPP NO. TN/PMG(CCR) / WPP- 216/21-23
Date of Publication: Third week of every month
Date of Posting : 15th & 16th of every month
Posted at "Egmore RMS / 1 Patrika Channel"
on 16th DECEMBER 2023

If un-delivered please return to:

**ECHO OF HIS CALL (GUJARATI)**
P.O. Box No. 2957,
Chepauk, Chennai - 600 005, INDIA.
Phone: (+ 91- 44) 2852 8282, 2852 9293, 2854 7766

***JESUS LOVES YOU!***

To

*GOD BLESS YOU!*

Owned and published by **S. Sam Selva Raj** from New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005 and printed by **S. Sam Selva Raj** at **Echo of His Call Printers,** New No. 8 & 10, Old No.18 & 19, Mohammed Abdullah 2nd Street, Chepauk, Chennai-600 005. Editor: **S. Sam Selva Raj.**